# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૬ તા.૦૪-૧૦-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- સને ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં આંતરિક બદલી, જિલ્લા ફેરબદલી, જિલ્લા વિભાજન બદલી હુકમ હેઠળનાં તમામ શિક્ષકોને તાત્કાલિક અસરથી છૂટા કરવા બાબત.

સંદર્ભઃ-(૧) શિક્ષણ વિભાગના તા. ૨૩-૦૫-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૧૨/ ૩૧૪૭૭૬/ ક- તથા વખતોવખતના આનુષાંગિક સુધારા હુકમો.

(૨) જિલ્લા વિભાજનના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૬/ ક/ ૩૮૧૭-૩૪ - તા. ૦૪-૦૬-૨૦૧૬.

(૩) ઓનલાઇન બદલી ઠરાવ ક્રમાંક : પીઆરઇ/ ૧૧/ ૨૦૧૪/ ૩૫૭૨૨૭/ ક- તા. ૧૭-૦૩-૨૦૧૫.

(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ સીંગલ ફાઇલ/ ૨૦૧૭/ક/૧૯-તા.૦૫-૦૬-૨૦૧૭ પર શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફથી મળેલ મંજૂરી અન્વયે.

(૫) પ્રા.શિ.નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૭/ ક/ ૯૮૨૧-૭૫/ તા. ૦૩-૧૦-૨૦૧૭.

આથી તમામ મ્યુનિ. શાળાઓના શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત દર્શાવેલ સંદર્ભિત પત્ર નં. ૧, ૨ અને ૩ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષકોની આંતરીક બદલી, જિલ્લા ફેરબદલી તથા જિલ્લા વિભાજન વિકલ્પ અંગેની પસંદગી બાબતોની જોગવાઇઓ નક્કી કરવામાં આવેલ છે. આ જોગવાઇ હેઠળ સને ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં જે પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના બદલી હુકમ થયેલ હોય, પરંતુ તેઓની હાલની શાળમાં આર.ટી.ઇ. એક્ટ- ૨૦૦૯ મુજબનાં ધારા-ધોરણો અનુસાર મહેકમ ધ્યાને લેતા છૂટા કરવામાં આવેલ નથી. તેવા તમામ શિક્ષકોની થયેલ બદલી હુકમોના અમલવારીના તેમજ તેના કારણે શાળાઓના મહેકમ અને શિક્ષકોની સિનીયોરીટીના પ્રશ્નો ઉભા થતાં સદર પ્રશ્નોના ઉકેલ માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા બદલી હુકમ હેઠળનાં છૂટા ન થયેલા તમામ શિક્ષકોને છૂટા કરીને બદલીવાળી શાળામાં હાજર કરવાની શિક્ષણ વિભાગ, ગાંધીનગર ખાતે મંજૂરી અર્થે કરેલ દરખાસ્તની સંદર્ભિત પત્ર નં. ૪ થી રાજ્ય સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

આથી સને ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં જે પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના આંતરીક બદલી, જિલ્લા ફેરબદલી તથા જિલ્લા વિભાજનના બદલી હુકમ થયેલ હોય, પરંતુ તેઓની હાલની શાળામાં આર.ટી.ઇ. એક્ટ- ૨૦૦૯ મુજબનાં ધારા-ધોરણો અનુસાર મહેકમ ધ્યાને લેતા છૂટા કરવામાં આવેલ નથી. તેવા તમામ શિક્ષકોની થયેલ બદલી હુકમોના અમલવારી અર્થે તાત્કાલિક અસરથી છૂટા કરીને બદલીવાળી શાળામાં હાજર થવા સૂચના આપવામાં આવે છે.

આવા તમામ શિક્ષકોને છૂટા કર્યા, હાજર કર્યા બાદની જે-તે શાળાના મહેકમની વિગતો ( શાળાનું નામ, મંજૂર મહેકમ, કામ કરતાં શિક્ષકો, ભરેલી જગ્યા, ખાલી જગ્યા - વિષય વાર ) શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીએ, સુપરવાઇઝરશ્રી મારફતે એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ, મુખ્ય ઓફિસ ખાતે મોકલી આપવાની રહેશે.

તા. ૦૪-૧૦-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી